# ગાંધીનગરમાં યોજાયેલા લગ્નપ્રસંગે પાંચસો આમંત્રિતોને ફુડ પોઈઝનીંગ

## શહેરના પ્રતિષ્ઠિત મહાનુભાવના આંગણે આવેલા જાનૈયાઓ-આમંત્રિતોને સારવાર લેવી પડી

ગાંધીનગર, તા. ૨૫

લગ્નપ્રસંગે મહાલવાનુ આમંત્રિતો અને જાનૈયાઓને ભારે પડી ગયું હતું. ચાર દિવસ અગાઉ યોજાયેલા એક લગ્નપ્રસંગે સાડા ચારસોથી પાંચસો જેટલા આમંત્રિતો અને જાનૈયાઓને ભોજન આરોગ્યા બાદ ઝાડા-ઉલ્ટી થવા માંડતા કેટલાકને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. તો કેટલાકને ઓપીડી સારવાર આપવાની જરૂર પડી હતી.

ગાંધીનગરના એક આગેવાનની દિકરીના લગ્ન ચારેક દિવસ અગાઉ યોજવામાં આવ્યા હતા. ટાઉનહોલની લોનમાં યોજવામાં આવેલા લગ્ન સમારંભની સાથે જ ભવ્ય ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્તર ગુજરાતમાંથી આવેલી જાનના જાનૈયાઓ ઉપરાંત આમંત્રિતો માટે જાતભાતના પકવાન બનાવવામાં આવ્યા હતા. લગભગ પાંચસો જેટલા જાનૈયાઓ-આમંત્રિતોએ લગ્ન પ્રસંગને માણ્યો હતો અને ભોજન સમારંભમાં જોડાયા હતા. ભોજન સમારંભ ચાલુ હતો તે દરમ્યાન જ કેટલાકે પેટમાં ગડબડ અને ઝાડા-ઉલ્ટીની ફરીયાદ કરી હતી.

જો કે ધીમે ધીમે ફરીયાદ વધતા કેટલાકને હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. કેટલાક આમંત્રિતો જે ઘરે પહોંચી ગયા હતા તેમને પણ આ પ્રકારની ફરિયાદ કરી હતી. મોટાભાગે બધા જ જાનૈયાઓ-આમંત્રિતોને ફુડપોઈઝનીંગની અસર થઈ હતી. બાસુંદી ઉપરાંત પાણીપુરી ખાવાથી ફુડપોઈઝનીંગ થયું હોવાનું પ્રાથમિક તબક્કે તારણ નીકળ્યું હતું. કેટલાક આમંત્રિતો-જાનૈયાઓની સ્થિતિ ગંભીર બનતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. તો કેટલાકને ઓપીડી સારવાર આપી રજા આપી દેવાઈ હતી.

# નૈમેષ જયસ્વાલના ઘરે સર્વે કરતા પોલીસને ૬.૪૩ લાખ મળ્યા

## ચંપાવત પાસે તલાટી બનાવવામાટે ૨૪ ઉમેદવારો નૈમેષે મોકલ્યા હતાં

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર ઉપરાંત રાજયભરમાં ચકચાર મચાવી ચુકેલા તલાટી કૌભાંડમાં ગાંધીનગર એલસીબીએ પકડેલા એજન્ટ નૈમેષ જયસ્વાલના ઘરે સર્ચ ઓપરેશન કરતા મકાનમાંથી રૂ. ૬.૪૩ લાખ રોકડા મળી આવ્યા છે. પોલીસે રોકડા સીઝ કરીને મુદ્દામાલ રીકવર કરી લીધા છે.

ભરતી કૌભાંડમાં ઝડપાઈ ગયેલા કલ્યાણસિંહ ચંપાવતની પુછપરછમાં કેટલાક એજન્ટો ઝડપી પોલીસે તેમનું ઈન્ટ્રોગેશન શરુ કર્યું હતું. તે પૈકીનો અમદાવાદનો એક એજન્ટ નૈમેષ જયસ્વાલ પણ પકડી પાડવામાં આવ્યો હતો. ગઈ કાલે નૈમેષની પત્નિએ એલસીબીના અધિકારી સામે નૈમેષને કસ્ટડીમાં ઢોર માર માર્યો હોવાની ફરિયાદ કોર્ટમાં કરી હતી. આ નૈમેષનાં અમદાવાદના ઘરે એલસીબીની ટીમે સર્ચ ઓપરેશન કર્યું હતું. ઘરમાંથી રૂ. ૬.૪૩ લાખ રોકડા મળી આવતા પોલીસે રીકવર કર્યા છે. નૈમેષે ચંપાવત પાસે ૨૪ ઉમેદવારોના તલાટી માટેના સેટીંગ કરાવ્યા હતાં. આજે તેના રિમાન્ડ પુરા થતા સેન્ટ્રલ જેલ હવાલે મોકલી દેવામાં આવ્યો છે.

# 'ભલે પધાર્યા' સાથે નેશનલ જેસીઆઈ અધિકારીઓનું ઉમળકાભેર સ્વાગત

ગાંધીનગર, તા. ૨૫

જેસીઆઈ ભારતનાં એજ્યુકેટીવ વાઈસ પ્રેસિડેન્ટ કેશવ જૈન હાલમાં જ ગાંધીનગરની મુલાકાતે મેનેજમેન્ટ'ના નવતર અભિગમ સાથે ૨૦૧૪ના વિવિધ કાર્યક્રમો કરવાની વિસ્તૃત માહિતી જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદીએ આપી હતી.

'ભલે પધાર્યા' સાથે ઉમળકાભેર સ્વાગત કરવા બદલ નેશનલના આ મહેમાનો અભિભૂત થયા હતા. ગાંધીનગર જેસીઆઈના



આવ્યા હતા. ગાંધીનગર જેસીઆઈના સભ્યોને એમણે મોટીવેશન સ્પિચ સાથે એનાં હેતુઓ અને પ્રવૃત્તિઓ જણાવી હતી. આ પ્રસંગે ગાંધીનગર જેસીઆઈના ફાઉન્ડર પ્રેસિડેન્ટ કેતન નિર્મલે ગાંધીનગર જેસીઆઈની વિકાસ ગાથા વર્ણવી હતી.

'લોકલ ઓર્ગેનાઈઝેશન ગાંધીનગરની યુવા ટીમને કેશવ જૈન અને અશ્વિન ચંદારાણાએ કેટલીક મહત્વની ટીપ્સ આપીને એમના યુનિટને અગ્રેસર રહેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ લાભને લેવા માટે ભૂવન રાવલ, નવદીપ સરોગી, રાજીવ મકવાણા, નિમેષ રાવલ જેવા મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વિરલ શાહ, સુજલ શાહ, જીગર રાણા, વિનેશ ચૌહાણ, નિકુંજ શુક્લા, સંજય નાયી, જીતેશ બારોટ, કિર્તી ઠાકોર અત્યંત મહેમન કરી હતી. ગાંધીનગરનાં આ આતિથ્ય સત્કાર માટે પ્રમુખ સાત્વિક ત્રિવેદી અને મંત્રી કે.ડી. ભાવસારને મહેમાનોએ ભરપેટ વખાણ્યાં હતા. અને શ્રેષ્ઠ યોગદાન માટે શુભેચ્છાઓ આપી હતી.

# રાજ્યમાં સામાજિક વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોની ૧૫ હજાર જગ્યા ખાલી

## ટેટ-૨ના પાસ ઉમેદવારોએ ભરતીની માંગ સાથે શિક્ષણમંત્રીને આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૨૫

ટેટ-૨ની પરીક્ષા પાસ કરનારા ઉમેદવારોએ સામાજિક વિજ્ઞાન અને ભાષાના વિષય શિક્ષકોની ભરતી કરવાની પ્રબળ માંગ સાથે આજે શિક્ષણમંત્રીને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતું. સુરત, જૂનાગઢ અને અમરેલી સહીતના વિવિધ વિસ્તારમાંથી સત્યાગ્રહ છાવણી ખાતે એકત્રિત થયેલા શિક્ષિત બેરોજગારોએ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં ૧૫ હજાર જેટલી જગ્યાઓ ખાલી હોવાનુ પણ જણાવ્યું હતું.

ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધો. ૬ થી ૮માં સામાજિક વિજ્ઞાન અને ભાષાના શિક્ષક અભિયોગ્યતા કસોટી (ટેટ-૨) પાસ કરનારા ઉમેદવારોએ નવી વિદ્યાસહાયક ભરતી કરવા પ્રબળ માંગ કરી છે. આ મામલે આજે સે. ૬ સ્થિત સત્યાગ્રહ છાવણી પાસે ટેટ-૩ના પાસ ઉમેદવારોએ એકત્રિત થઈ રોષની લાગણી વ્યક્ત કરી હતી. સુરત, જૂનાગઢ, અમરેલી અને ઉંઝા સહીતના વિસ્તારમાંથી ૧૦૦ જેટલા ઉમેદવારોએ શિક્ષણ વિભાગની નીતિ સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. આ મામલે તેમણે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતું. જેમાં જણાવ્યા મુજબ ગણિત અને વિજ્ઞાન વિષયોને લઈ ગત નવેમ્બરમાં જાહેરાત આપી ૬ હજાર વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી છે. જ્યારે સામાજિક વિજ્ઞાન અને ભાષાના ઉમેદવારો માટે કોઈ ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવતી નથી. વારંવાર આ ઉમેદવારોની સાથે અન્યાય થાય છે. વધુમાં ટેટ-૨ની પરીક્ષા પાસ ન કરી હોય તેવા ઉમેદવારોને ધો. ૬ થી ૮માં ભરતી કરવાનો વિકલ્પ બંધ કરવા પણ તેમણે માંગણી કરી હતી. શિક્ષણમંત્રી કક્ષાએથી સંતોષકારક જવાબ ન મળતા આ ઉમેદવારો ન્યાય મેળવવા કોર્ટ રાહે લડત આપશે તેમ પણ જણાવ્યું છે.

## મનપાના ડી.એમ.સી. તરીકે રાઠોડ મુકાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનરશ્રી બાદ હવે નાયબ મ્યુનિ. કમિશનરની પણ સરકારે બદલી કરી છે. મહાનગરપાલિકાના ડે. મ્યુનિ. કમિશનરશ્રી તન્નાની બદલી ખાસ ફરજ પરના અધિકારી (એ.ટી.વી.ટી.) તરીકે મહેસુલ વિભાગમાં કરાઈ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મ્યુનિ. કમિશનર તરીકે કલોલના પ્રાંત અધિકારી તરીકે ફરજો બજાવતા શ્રી પ્રદીપસિંહ રાઠોડને નિમણુંક આપવામાં આવી છે. જ્યારે કલોલ પ્રાંત અધિકારી તરીકે દસક્રોઈના પ્રાંત અધિકારી શ્રી કાલરિયાની નિમણુંક કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના મધ્યાહન ભોજન યોજનાના ડે. કલેક્ટર તરીકે ફરજો બજાવતા શ્રી ડી.પી. ચૌહાણની બદલી ભુજ પ્રાંત અધિકારી તરીકે કરવામાં આવી છે. ચૂંટણીને પગલે મહેસુલ વિભાગ દ્વારા બદલીઓનો દોર આરંભાયો છે. મહેસુલ વિભાગે રાજ્યના ૮૯ જેટલા ડે. કલેક્ટરોની બદલીના હૂકમો જારી કર્યા છે.

# ખેડૂતોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે પાંચ દિવસના પ્રતિક ઉપવાસનું સમાપન

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ અને રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ દ્વારા ખેડૂતોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે તા. ૨૧મી ફેબ્રુઆરીથી શરૂ કરાયેલા પ્રતિક ઉપવાસ અને ધરણાના કાર્યક્રમનું આજે સમાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સત્યાગ્રહ છાવણી ખાતે ગાંધીનગર, માણસા, દહેગામ અને કલોલ તેમજ પ્રાંતિજ તાલુકામાંથી ખેડૂતોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.



ખેડૂતોના આ પાંચ દિવસના ઉપવાસની સરકાર દ્વારા નોંધ લેવાઈ હોવાના દાવા સાથે આગામી દિવસોમાં આ આંદોલન ગુજરાતના ગામડે ગામડે જઈ સર્વ ખેડૂતોને જાગૃત કરવા અને આગામી લોકસભાની ચૂંટણીમાં ખેડૂતોના પ્રશ્નો ઉકેલવાની ખાતરી આપે તેને જ મત આપવા હાંકલ કરાશે. આગામી ચૂંટણીઓમાં ખેડૂતોના મત નિર્ણાયક બનશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કરાયો હતો. આ કાર્યક્રમમાં ખેડૂતોના પ્રશ્નો બાબતે સંગઠનો દ્વારા ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ દ્વારા અવારનવાર મંત્રીઓની રૂબરૂ મુલાકાત કરી મૌખિક અને લેખિત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં ખેડૂતોના પ્રશ્નો ઉકેલવામાં ગુજરાત સરકાર નિષ્ફળ રહી હોવાનો આક્ષેપ કરાયો હતો.

ખેડૂતોના આ પાંચ દિવસના પ્રતિક ઉપવાસ દરમ્યાન વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, માણસાના ધારાસભ્ય અમિત ચૌધરી, બનાસકાંઠા-ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ, નદીતટના અગ્રણી સેવક ગૌરાંગ પંડિત, ગાંધીનગર જિલ્લાના ખેડૂત અસરગ્રસ્ત ખેડૂત પુત્ર કૃષ્ણકાંત પટેલ અને આમ આદમી પાર્ટીના અગ્રણી કાર્યકરો તેમજ ખેડૂત આગેવાનોએ મુલાકાત લીધી હતી.

# વિજ દરના વધારા સામે શહેર વસાહત મહામંડળની ઉગ્ર રજૂઆત

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર, અમદાવાને સુરતને વીજળી પૂરી પાડતા ટોરંટ પાવરને ગુજરાત વીજ નિયમન પંચ સમક્ષ ભાવ વધારા સામે રજૂ કરી ગ્રાહકોના હીતનું રક્ષણ કરવા પંચને વિનંતી તથા રજૂઆત કરી હતી.

ટોરેન્ટ પાવર ગ્રાહકોના ઉપર ચાલકાઈથી ભાવ વધારો ઠોકી દે છે. તેના દાખલાઓ શહેર વસાહત મહામંડળના અરૂણભાઈ બુચ, મયુરભાઈ વ્યાસ, સુધીરભાઈ દેસાઈ, કિશોર જીકાદરા દ્વારા મૌખિકને લેખિત રજૂઆત કરેલ છે. થનાર ભાવવધારો કુદરતી ન્યાયના વિરુદ્ધ છે. વગર ઓડિટે સંભવિત ખર્ચના આંકડાઓ ગ્રાહકો પર જીંકી દેવા તે અતિરેક ગણાશે. જેથી ભાવ વધારાની માંગણી મંજૂર ના કરવી જોઈએ.

ટોરેન્ટ પાવરનું ઓડિટ કરાવવામાં આવેલ. તેના વાંધાઓ જાહેર કરવામાં આવ્યા નથી. ગુજરાતમાંથી વીજળી પૂરી પાડતી કંપનીઓએ કેગ અથવા તટસ્થ ઓડિટ કરાવીને જાહેર કરવો જોઈએ. અરૂણભાઈ બુચે પંચ સમક્ષ ધારદાર રજૂઆત કરી હતી કે સરકારે ઊર્જા બચત માટે લાખો રૂપિયાની જાહેરાતો કરે છે. જયારે ટોરેન્ટ પાવર ગ્રાહકોને વીજળી બીલ ઓછા આવતા હોવાથી ખોટ જાય છે. જે અંગેની રજૂઆત માન્ય ન કરવી જોઈએ.

ટોરેન્ટ પાવર ગેસ પાઈપલાઈન દ્વારા ગેસ અમદાવાદ- ગાંધીનગરને દેવા માંગે છે. જેના એમ.ઓ.યુ આધારીત છે. તેવી મહામંડળની માંગણી છે. જેની તમામ વિગતો જનતા સમક્ષ રજૂ કરવી જોઈએ.

# ૪૫૭ સફાઈ કામદારોને ૧.૩૯ કરોડના ધિરાણના ચેકોનું વિતરણ કરાયુ

## સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ ધિરાણ કરાયુ : દસમા-બારમામાં ભણતા સફાઈ કામદારોના બાળકો માટે રોકડ પ્રોત્સાહન યોજના ચાલુ કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા તા. ૨૩મી ફેબ્રુઆરી રવિવારે નડિયાદની જે.એન.જે. સાયન્સ કોલેજ ખાતે સફાઈ કામદારો અને તેઓના આશ્રિતોના ચેક વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા ખાતાના મંત્રી રમણલાલ વોરાએ અધ્યક્ષપદે ઉપસ્થિત રહી લાભાર્થીઓને ચેકોનું વિતરણ કર્યુ હતુ.

રાજ્યના સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને પરંપરાગત સફાઈ કામના અસ્વચ્છ વ્યવસાયમાંથી મુક્ત કરાવી સ્વમાન અને ગૌરવભેર જીવન જીવી શકે અને તેઓનો સામાજીક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ થઈ શકે તે માટે યોજાયેલા આ સમારોહમાં સફાઈ કામદાર નિગમ દ્વારા કુલ ૪૫૭ લાભાર્થીઓને રૂપિયા ૧.૩૯ કરોડના ધિરાણના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સફાઈ કામદાર વિકાસ નિગમના અધ્યક્ષા દર્શનાબેન વાઘેલા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ અતિથિવિશેષ પદે વડોદરા શહેરના પૂર્વ મેયર અને સફાઈ કામદાર સેલના કન્વીનર સુનીલભાઈ સોલંકી, નડિયાદ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મનીષાબેન પરમાર અને ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના સભ્ય શ્રીમતિ અનિતા પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગીત અને ગરબાથી કરવામાં આવી હતી. જેમાં નડિયાદની પીટીસી કોલેજમાં આવેલ વિઠ્ઠલ કન્યા વિદ્યાલયની કન્યાઓ દ્વારા ગરબો પ્રસ્તુત કરાયો હતો. ત્યારબાદ નિગના મેનેજીંગ ડીરેક્ટર સી.એસ. રાજપાલે લાભાર્થીઓને નિગમની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. તેમણે નિગમ દ્વારા અત્યાર સુધીમાં ૯૧,૫૯૧ લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ રૂ. ૨૫૫.૧૨ લાખનું ધિરાણ કરવામાં આવ્યું છે. તેમજ ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ મહાનગર પાલિકા અને નગરપાલિકાઓમાં બનાવવામાં આવેલ ૩૫૭૬ સામુહિક આવાસો બનાવવા માટે રૂ. ૩૫.૧૭ કરોડની વગર વ્યાજની લોન પણ ચુકવવામાં આવેલ છે. તેવુ જણાવ્યુ હતુ. અમદાવાદ, વડોદરા અને પોરબંદર નગરપાલિકાના ૨૦૬૯ લાભાર્થીઓને રૂ. ૪.૮૭ કરોડની આવાસ રીપેરીંગ અને સફાઈ કર્મચારીઓના મકાનોના પર્યાવરણ સુધારા, આંગણવાડીના બાંધકામ, આવાસોમાં સીડી અને કઠેરાના બાંધકામ તેમજ મરામત માટે વગર વ્યાજની લોન અને સહાય ચુકવવામાં આવી છે. આ ઉપરાંત નિગમ દ્વારા સફાઈ કામદારોના બાળકોના શૈક્ષણિક વિકાસ માટે દેશ અને વિદેશમાં અભ્યાસ માટે ૧૨૭ બાળકોને ઓછા વ્યાજના દરે શૈક્ષણિક લોન ચુકવવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સફાઈ કામદાર વિકાસ નિગમ દેશના અન્ય તમામ નિગમો કરતા લાભાર્થીઓને ધિરાણ ચુકવણી વસુલાત, લોન પરત ચુકવણી, શૈક્ષણિક લોન, સેનેટરી માર્ટના અમલીકરણ વગેરે બાબતોના વર્ષ ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩માં પ્રથમ ક્રમાંકે રહેલ છે જે નિગમ માટે ગૌરવપ્રદ બાબત છે. નિગમ દ્વારા મહિલા સમૃદ્ધિ યોજના, લઘુ ધિરાણ યોજના, ઓટોરિક્ષાલોન, ટર્મલોન, શૈક્ષણિક લોન યોજના, સેનેટરી માર્ટ યોજના, વ્યવસાયીક તાલીમ યોજના, વીમાકવચ યોજના જેવી અનેક યોજનાઓ અમલમાં છે. સફાઈ કામદારોના બાળકો માટે દસમા અને બારમા ધોરણમાં રૂ. ૪૧૦૦૦ થી ૧૧૦૦૦ સુધીની ૧ થી ૩ ક્રમાંક માટેની યોજના પણ આ વર્ષે ચાલુ કરવામાં આવી છે. તેમજ સફાઈ કામદારોને કર્મકાંડની તાલીમ આપવાનું પણ આયોજન કરી સામાજિક સમરસતા સાથે યુવાનોને રોજગારીની તકો ઉભી કરવા પ્રયત્નો કરાયા છે.

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં સમાજના કચડાયેલા પછાત, દલિત અને વંચિત લોકોના વિકાસ માટે અનેકવિધ શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષની યોજનાઓનો લાભ લઈ પૂરક વ્યવસ્યોમાં જોડાવા હાંકલ કરી હતી. લાભાર્થીઓના બાળકોનો શૈક્ષણિક વિકાસ અને સમાજમાં રહેલ કુરિવાજો દૂર કરવા પ્રયત્નો કરે તો સમાજનો સર્વાંગી વિકાસ થશે. પાયલોટ યોજનાનો ઉલ્લેખ કરતા તેમણે સફાઈ કામદાર વર્ગની મહિલા પાયલોટ બનશે તો આનંદ થશે તેવી ભાવના પણ વ્યક્ત કરી હતી. નિગમના અધ્યક્ષા દર્શનાબેન વાઘેલાએ નિગમ દ્વારા અપાતી લોનનો સદ્ઉપયોગ કરી સામાજીક બદીઓ દૂર કરવા અને બાળકોને સારૂ શિક્ષણ આપવા અનુરોધ કર્યો હતો.

આ સમારંભમાં સેનેટરી માર્ટ યોજના હેઠળ મંડળીઓ સેનેટરી માર્ટનું ઉત્પાદન અને વેચાણ ઉપરાંત આઉટસોર્સીંગ, ડ્રાઈવીંગ, તાલીમ અને અન્ય પ્રવૃત્તિઓ કરી શકે તે માટે સેનેટરી માર્ટમાં બંધારણ અને હેતુથી સરકાર દ્વારા જરૂરી સુધારા કરાશે તેવી મંત્રી રમણલાલ વોરાએ ખાત્રી આપી હતી. આ સમારોહમાં નડિયાદ શહેર અને ખેડા જિલ્લાના તમામ તાલુકામાંથી લગભગ અંદાજીત એક હજાર જેટલા સફાઈ કામદારો ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪
સૂર્યાસ્ત : ૬.૪૦

## તાપમાન

મહત્તમ : ૩૨.૪ ડિ.સે.
લઘુત્તમ : ૧૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૪૪ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
રોબોકોપ (હિન્દી) : ૯.૦૦, ૨.૩૦, ૧૧.૦૦
ગુંડે : ૧૧.૩૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૪ :
હસી તો ફસી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
રોબોકોપ (હિન્દી) : ૭.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હસીના માન જાયેગી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જય હો : ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ગુંડે : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હાઈવે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
ડર ધી મોલ : ૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
ડર ધી મેલ : ૧૦.૦૦, ૭.૧૫
ગુંડે : ૧.૦૦, ૭.૦૦
સેટરડે નાઈટ : ૪.૦૦

### ચિરાગ સિનેમા(કલોલ)

ગુંડે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે.

**વૃષભ** : વિવાદોથી બચવું. વિશેષ પ્રયત્નથી કરવામાં આવેલા કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. નોકરીમાં સ્થિતિ સામાન્ય રહે તેવી શકયતાઓ છે.

**મિથુન** : ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે, નવા સંબંધ બંધાશે.

**કર્ક** : ભૌતિક સુધ પ્રાપ્ત થશે. જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે. કૌટુંબિક મતભેદ સમાપ્ત થશે. વિદ્યાર્થીઓને ભણવામાં મન લાગશે.

**સિંહ** : કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**કન્યા** : વિશેષ લેવડ- દેવડથી બચવું. અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે. માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય. કાર્યોમાં વિલંબ થવાની સંભાવના છે .

**તુલા** : આપના દ્વારા વિવેકના વિપરિત કાર્ય થવાને કારણે હાનિ થઈ શકે છે. અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. સગા- સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી. કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી.

**ધન** : કાર્યોમાં નવીન સમસ્યાઓ આવવાની શકયતાઓ છે. જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું. નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહેશે.

**મકર** : માનસિક સંતોષ થતાં પ્રસન્નતા પ્રાપ્ત થશે. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. સુખદ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**કુંભ** : સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. આર્થિક સ્થિતિ સુદ્દઢ બનશે.

**મીન** : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા-પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. સત્સંગ થશે.

## ચિરવિદાય

- સ્વ. ડાહ્યાજી જેણાજી ઠાકોર (ઉ.વ. ૭૦) મુ.પો. ઈન્દ્રોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ધર્મિષ્ઠાબેન દશરથભાઈ પટેલ (ઉ.વ. ૫૫) પ્લોટ નં. ૬૦/૧, સેકટર-૩/એ, ગાંધીનગર.
- સ્વ. પ્રભાવતીબેન ગીરીજાશંકર વ્યાસ (ઉ.વ. ૮૭) પ્લોટ નં. ૧૦, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. લસ્સીબેન શકરાજી ઠાકોર (ઉ.વ. ૮૦) મુ.પો. પ્રાંતિયા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કોકિલાબેન રમણલાલ રાવલ (ઉ.વ. ૬૦) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.